ગુજરાત સમાચાર, પાના નં.03, તા. ૧૨.૦૯.૨૦૨૪

# ગાંધીનગરને જોડતા મેટ્રોરેલના બીજા ફેઝનું PM લોકાર્પણ કરશે

ગાંધીનગર, બુધવાર

ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન દ્વારા મેટ્રોરેલ નેટવર્કનો બીજો તબક્કો ગાંધીનગર સાથે જોડાશે. ૧૬મી સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ કરવાના છે તે આ તબક્કામાં સેક્ટર-૧ અને ગિફ્ટ સિટીને જોડાણ મળશે. આ રૂટમાં પાટનગરના વિવિધ વિસ્તારોને આવરી લેવાશે.

આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર-૧ના વિસ્તારને આવરી લેવાશે આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે, જેમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે.

આવનારા દિવસોમાં આ મેટ્રોરેલ સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. એ.પી.એમ.સી. (વાસણા) થી ગાંધીનગરના સેક્ટર-૧ સુધીની ૩૩.૫ કિ.મી.ની મેટ્રો યાત્રા માત્ર ૬૫ મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર રૂ. ૩૫ રહેશે.

મોટેરા થી મેટ્રો સીધી ગાંધીનગરના આઠ સ્ટેશનો પર દોડશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રોરેલમાં સફર કરવાના છે.

## APMCથી પાટનગરનું ૩૩.૫ કિ.મી.નું અંતર ૬૫ મિનિટમાં કપાશે : ભાડું રૂ.૩૫